R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 54 Issue No. 6 September - 2010

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હિરક જયંતિ વર્ષ




દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે, એક કાર્યની શરૂઆત પહેલાં પ્રથમ મુશ્કેલીઓનો જ વિચાર કરે છે, જ્યારે બીજો મુશ્કેલી હોવા છતાં કાર્યસિધ્ધીની અગત્યતાનો જ વિચાર કરે છે.

**2nd Cover Page**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સ્થાપના દિનની ઉજવણીની તસવીરો



સંસ્થાના હોદ્દેદારો



**પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીયાના હાથે દીપ પ્રજવલન**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૬ | ૧૪-૯-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**અમીત વ. પારેખ**

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

**ટે.**(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# આજની જરૂરિયાત - એકત્રીકરણ

**તંત્રી સ્થાનેથી**

આજે દેશ અને દુનિયામાં Takeover Accquisition અને Merger નો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. એક જ ક્ષેત્રમાં કામકરતી, નબળો દેખાવ કરતી પરંતુ વિશાળ બિઝનેસ અને કેપીટલ ધરાવતી કંપનીઓને એજ ક્ષેત્રની બીજી કંપનીઓ Takeover દ્વારા કે Accquisition દ્વારા પોતાની કંપનીમાં સમાવી લે છે. જ્યારે એક જ ક્ષેત્રની બે સબળ કંપનીઓ વધુ સક્ષમ બનવા અને પોતાની મોનોપોલી વધારવો Merger દ્વારા એકજુથ થઈ જાય છે. આ બન્ને પ્રક્રિયા દ્વારા એકત્ર થયેલી કંપનીઓ ખુબજ ઝડપથી આગળ વધે છે. કારણકે કાર્યક્ષમતા વધે છે. બન્નેનો વહીવટી ખર્ચ ઓછો થઈ જાય છે. પ્રોડકશન, માર્કેટીંગ, સેલ્સ એન્ડ સર્વિસ, એડવર્ટાઈઝ બધાજ ક્ષેત્રે પહેલાં જે ડબલ મહેનત અને ખર્ચ થતો એ ઓછો થઈ જાય છે. અને કંપનીનો વિકાસ ઝડપી બને છે.

હવે આજ સંદર્ભમાં આપણી સામાજીક સંસ્થાઓને મુલવીએ. આપણી બધીજ સંસ્થાઓનું કાર્યક્ષેત્ર એકજ છે અને એ છે સમાજના લોકોને ઉપયોગી થવું, તેઓની જરૂરિયાતોનું ધ્યાન રાખી મદદરૂપ બનવું, દાતાઓ અને જરૂરિયાતમંદોની વચ્ચે કડી રૂપ બનીને સમાજને વધુ બળવત્તર બનાવવો, અને સમાજને એકજુથ રાખી સંઘ ભાવના ટકાવી રાખવી. સમાજ સેવાના આ એકજ ક્ષેત્રમાં હાલ લગભગ ૧૧ સંસ્થાઓ કાર્યરત છે. અને મુળભુત કાર્યક્ષેત્ર છે. 'આર્થીક તથા અન્ન સહાય', 'શૈક્ષણીક સહાય' અને 'મેડીકલ સહાય'. હોસ્પીટલ, બેન્ક, કોલેજ કે મંદિરોનો વહીવટ કરતી સંસ્થાઓને છોડી દઈએ તો ઉપર જણાવેલ ત્રણ સહાય માટે કામ કરતી ચાર સંસ્થાઓ બચે, વિદ્યોતેજક મંડળ, પ્રગતિ સમાજ તથા મંડળ,

નવયુગમંડળ તથા ટ્રસ્ટ અને નવયુવક સંઘ. આ બધી સંસ્થાઓ અલગ અલગ વહીવટ ચલાવે છે. કારોબારી અલગ, મીટીંગો અલગ, વહીવટી સ્ટાફ અલગ, એકાઉન્ટન્ટ અલગ, ઓડીટર અલગ, ચેરીટી કમીશનરને ત્યાં ધક્કા અલગ, દાતાઓના સન્માન સમારંભો અલગ, વાર્ષિક સામાન્ય સભાઓ અલગ, ડ્રાયફ્રુટ, નાસ્તાના પેકેટો કે ગીફ્ટો અલગ અને ઓફિસો પણ અલગ એની સામે સમાજ એકજ, દાતાઓ એના એજ, કાર્યકર્તાઓ પણ એના એજ, એક જગ્યાએ એક જણ મંત્રી હોય તો બીજામાં એજ ટ્રસ્ટી હોય, એકમાં પ્રમુખ હોય તો બીજામાં મંત્રી હોય. આવા સંજોગોમાં સામાન્ય બુદ્ધિથી વિચાર કરીએ તો Merger એકત્રિકરણ ખુબજ જરૂરી અને આવશ્યક જણાય છે. એમાં પણ જ્યારે કાર્યકર્તાઓની સંખ્યા ઘટતી જાય છે અને સરકારી અંકુશો વધતા જાય છે. ત્યારે તો એકજૂથ નહી થઈએ તો બધી વ્યવસ્થા પડી ભાંગશે, અને એકત્ર કરેલું બધું ભંડોળ સરકારી અંકુશ હેઠળ આવી જશે.

આવો વિચાર આજે પહેલી વખત રજુ નથી થતો છેલ્લા થોડા વર્ષોથી આ બાબતમાં કેટલાંક પ્રયત્નો થઈ ચુક્યા છે. પરંતુ કેટલાંક કારણોસર અમલમાં મુકાઈ શકયા નથી. કેટલાંક કારણો પર નજર નાખીએ (આ કારણો સામાન્ય ચર્ચામાં આવ્યા હતાં જેને કોઈએ વ્યક્તિગત ધોરણે ન લેવા વિનંતી.)

**કારણ નં.૧.** 'શું અમારી આટલી જુની સંસ્થાનું નામ અને અસ્તીત્વ મીટાવી દઈએ ?' સમજવાનું એ છે નામ નહી કામ મહત્વનું છે અને કુદરતનો નિયમ છે દરેક જન્મે નામ અને અસ્તિત્વ મીટાઈને નવું નામ, નવું અસ્તિત્વ વધુ તાજગીસભર અને તાકાતવર બને છે.

**કારણ નં. ૨.** ' જો મંડળો ભેગા થઈ જાય તો પ્રમુખ, મંત્રી, ખજાનચી અને ટ્રસ્ટીઓની સીટોતો એક જ થઈ જાય તો પછી અમારી પ્રમુખ મંત્રી કે ટ્રેઝરર થવાની અભિલાષાનું શું ?' ઘણાના બાયોડેટામાં લખાય છે કે, ભાઈએ આ મંડળમાં આ, પેલા મંડળમાં પેલી, એમ બધા મંડળમાં વિવિધ પોસ્ટ ઉપર કામ કર્યું છે. એમની વાત સાચી છે. એકત્રીકરણમાં આ અભિલાષા રોળાઈ જાય. પણ મુળ ઉદેશ જોવાનો છે. ઉદેશ સેવાનો છે એ કોઈ પોસ્ટ ઉપર બેસ્યા વગર પણ થઈ શકે. વાત સમાજ સેવાની છે. આમા અહમ, અભિલાષા કે પ્રતિષ્ઠાનો પાપડ શેકવાનો નથી.

**કારણ નં. ૩** 'એકત્રીકરણ દ્વારા સ્થપાયેલ નવા મંડળના પ્રમુખને બધી સત્તામળી જાય અને આપણું પત્તુ કપાઈ જાય, એ સર્વેસર્વા બની જાય, આપખુદ બની જાય' ભાઈ આપણે ત્યાં બંધારણીય ધોરણે કામ થાય છે. લોકશાહી ચાલે છે. આપખુદી કે અહમને લોકો જ ફગાવી દે છે. (હા પૈસાપાત્ર લોકોનું વધુ ઉપજે છે પણ કાર્યક્ષમતા ન હોય તો ફક્ત આર્થિકરીતે સધ્ધરતાના નામે લાંબુ ગાડું ગબડતું નથી.)

આ ત્રણ કારણો ઉપરાંત થોડા નાનાનાના વાંધાઓ અને મુદ્દાઓ ઉઠાવીને એકત્રીકરણની ઝુંબેશ ને ઉડાવી દેવામાં આવે છે. અને આમાં અહમ (કારણનં.૧), અભિલાષા (કારણ નં. ૨) અને ઈર્ષા (કારણનં.૩) જ મોટો ભાગ ભજવતી આવી છે. પછી ભલે દાનનો મોટો ભાગ વહીવટી ખર્ચમાં વપરાય અને ભલે જરૂરિયાતમંદો દરેક મંડળમાં અલગ અલગ ફોર્મ ભરીને 'અલક ચલાણું પેલે ઘેર ભાણું' કરતા ફરે.

ચાલો બધુ ભુલી જઈને ફરીથી શરૂઆત કરીએ. જુની ભુલોને સુધારી લઈએ. ઉપર મુજબના કારણોને વચ્ચે ન લાવતાં ટ્રાયલ ધોરણે બંધારણીય રીતે નહી પણ એક ડમી સંસ્થા બનાવીએ. આપણે આને પિતૃ સંસ્થા કહીશું. આ પિતૃ સંસ્થામાં આગળ જણાવેલ ચાર મંડળોના ત્રણ પ્રતિનિધિઓ (પ્રમુખ મંત્રી કે પછી સંસ્થા જેને નીમેતે) એ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરે. આ ઉપરાંત આ બધી સંસ્થામાંથી નિવૃતિ લઈ ચુકેલા સારા અનુભવી કાર્યકર્તાઓની નિમણુંક કરી એક કારોબારી

બનાવવામાં આવે. આ કારોબારી પોતાનામાંથી જ એક પ્રમુખ અને ઉપપ્રમુખની નિમણુંક કરે. ત્યારબાદ આપણી મુળભુત જરૂરિયાતો આર્થિક સહાય, શિક્ષણ સહાય અને મેડીકલ સહાય માટેની ત્રણ સમિતિની નિમણુંક કરે. (ત્રણ મંત્રી પણ નીમી શકાય) દરેક માતૃસંસ્થાઓ પોતે આર્થિક, શિક્ષણ કે મેડીકલ ક્ષેત્રે પોતે ફાળવેલું બજેટ આ પિતૃ સંસ્થાને જણાવે. ત્યારબાદ દરેક માતૃ સંસ્થામાં આ દરેક સહાય માટે નીમાયેલા કન્વીનીયરો સાથે મળીને આ ત્રણ સમિતિઓ કામ કરે અને બધા મંડળોમાંથી આવેલ ટોટલ બજેટ ને ભેગું કરીને ત્રણે ક્ષેત્રની સહાય નક્કી કરે. દરેક માતૃસંસ્થામાં આવેલી અરજીઓની ફાળવણી પિતૃ સંસ્થાએ યોજેલી એ ક્ષેત્રની સમિતિ દ્વારા કરાય પછી ભલે સહાયના ચેકો જુદી જુદી સંસ્થામાંથી આવે જરૂરિયાતમંદોની જરૂરિયાત એક જ જગ્યાએથી પૂરી કરવામાં આવે. બધી સંસ્થાઓ પોતાની સહાય સિવાયની પ્રવૃતિઓ હાલમાં ભલે ચાલુ રાખે પણ પહેલા ચરણમાં આ ત્રણ પાયાની જરૂરિયાત માટે એકત્ર થવાની જરૂર છે. આમા રાજ્ય અને કેન્દ્રના ધોરણે સાથે મળીને કામ કરી શકાય. એકત્રીકરણની શરૂઆત કર્યા પછી ધીરે ધીરે એમાં પડતી મુશ્કેલીઓ ઉપર વિચારણા કરીને નિવેડો લાવી શકાય તો પછી બંધારણીય રીતે વિચાર કરીને ટોટલ એકત્રીકરણ ઉપર વિચારણા કરી શકાય.

આનો બીજો એક ફાયદો પણ થાય. આપણી વિવિધ સામાજીક સંસ્થાઓ ઉપરાંત આપણા ગામમાં ૮૦ થી ૯૦ ફેમીલી ટ્રસ્ટો ચાલે છે. જેઓ પોતાના ટ્રસ્ટની વ્યાજની આવકમાંથી પોતાના નજીકના સગાઓને કે લોકોને મદદ રૂપ થાય છે. અને બાકીની રકમ અન્ય દિશામાં ફાળવે છે. હવે જે ટ્રસ્ટો મેડીકલ સહાયના ઉદેશથી સ્થાપાયેલા હોય તે પોતાની વધારાની રકમ મેડીકલ રાહત આપતી સમિતિને જણાવી શકે અને બધી સંસ્થાઓના બજેટ ઉપરાંત આ ટ્રસ્ટોની ફાળવણીનું બજેટ પણ એમાં ઉમેરીને કાર્ય થઈ શકે. કેન્દ્રીકરણના અભાવને લીધે આ ફેમીલી ટ્રસ્ટો હાલમાં કયા મંડળને પોતાનું દાન આપવું એની મુંઝવણ અનુભવે છે. એ મુંઝવણ દુર થશે અને જરૂરિયાતમંદોને ફાયદો મળશે.

ભવિષ્યમાં જો એકત્રીકરણ શક્ય બને તો બધીજ રીતે બચત થાય. એક જ સ્ટાફ એકજ ઓફિસ, એકજ વેબસાઈટ, એકજ ૮૦C ઉજવણી એક ફાળવણી એક અને ઉઘરાણી પણ એક જ સમિતિ દ્વારા થઈ શકે. પૈસા સમય અને શક્તિનો વ્યય થતો બચાવી શકાય. જ્યોતિપુંજના વાચકો આ બાબતમાં પોતાના વિચારો લખીને મોકલે અને ચારેય સંસ્થાના હોદેદારો અને વડીલો આ બાબતમાં ફરીથી એક મિટિંગ બોલાવીને ઉપરમુજબની શક્યતાને વાસ્તવિક રૂપ આપે એવી આશા. (આ મિટિંગમાં ભુતકાળમાં અપાયેલ કારણો ફરીથી ન ઉખેડાય એ જરૂરી છે. જુનુ ભુલી નવેસરથી શરૂ કરીએ.)

**-નિખિલ પરીખ**

---

# ''ઈશારો''

નયનોના ઈશારાએ કંઈક ને ઘાયલ કીધા,
મરહમ રૂપી કલમના લખાણથી સાજા કીધા.

લખવાનું તો દીલને એક બહાનું મળ્યું,
અલક મલક મલકાતા જીવને નજરાણું મળ્યું.
નજરાણું મળતાંજ જીવ પુલકિત થયું,
બુઝાતા દીપને જ્યોત થકી પ્રકાશ મળ્યું.

જીવન જીવતા તેજનો 'ઈશારો' કાફી છે,
તેજ રૂપી પ્રકાશના ઈશારાને
'ઈશારો' જ સર કરી શકે !

# એકલતા !

- પંકજ કે. શાહ

જન્મ પહેલા આપણે ક્યાં હતા ? એકલા હતા કે કોઈક આપણી સાથે હતું ? કિસે માલૂમ ! મૃત્યુબાદ આપણે ક્યાં જવાના ? એકલા રહેવાના કે કોઈક આપણી સમીપ હોવાનું ? કિસે પતા !

સંસારચક્રની આ જીવનયાત્રામાં આપણે બધા એકલા આવ્યા છીએ અને આ માયાજાળ છોડી આપણે એકલા જ પાછા જવાના છીએ. આપણે સહુ આ સનાતન સત્ય જાણીએ છીએ. પણ આ દુનિયામાં જન્મ લીધા બાદ એન મૃત્યુપર્યંત કોઈપણ માનવી એક ક્ષણ માટે પણ એકલતા સહન કરી શકતો નથી. એકાકીપણાનો ભય મનુષ્યને જીવનભર સતાવે છે.

જીવનની પ્રત્યેકક્ષણે માનવી એકમેકની હુંફ, લાગણી, પ્રેમ અને આત્મીયતા ઝંખે છે. માનવી સદા ઈચ્છે છે કે એ ક્યારેય એકલો ન પડે. હરહંમેશ કુટુંબીજનો, સગા સબંધીઓ, મિત્રો, સ્નેહીજનો અને પ્રિયજનોથી ઘેરાયેલો રહે. દરેક વ્યક્તિ એકાકીપણામાંથી મુક્ત થવા જીવનભર પ્રયત્નશીલ રહે છે.

માનવી ક્યારેય એકલો રહી શકતો નથી. જરા નવરો પડે એટલે મિત્રોને ફોન કરે. પાર્ટીઓમાં જાય. અખબાર વાંચે. ટીવી જુએ કાનમાં ભુંગળા ભેરવી સંગીતનો રસાસ્વાદ માણે.

એકાકીપણાથી દૂર રહેવા માનવ સતત મથામણમાં રહે છે. અંધારામાં એકલા ચાલતા લોકો બીજાનો અવાજ સાંભળી હિંમત મેળવે છે અને સાથે સાથે બીજાને અવાજ આપી કોઈક સાથે હોવાનો અહેસાસ કરાવે છે. નિર્જન રસ્તા ઉપર એકલો ચાલતો માણસ સીટીઓ વગાડતો ચાલે છે, તો બાથરૂમમાં સ્નાન કરતો માનવ એકલતા દૂર કરવા ગીતો ગણગણે છે.

વર્તમાન યુગની અનેક સમસ્યાઓમાં આત્મહત્યાના બનાવો એ સૌથી વિકટ સમસ્યા છે. આજ-કાલ રોજ-બરોજ આત્મહત્યાના કિસ્સાઓ વધતા જાય છે. માનવજીવનમાં ચિંતા, ફિકર, ભય, ક્રોધ અને હતાષા સતત વધતા જાય છે. એમાંય જો એકલતા ભળે તો જીવનમાં નર્વસનેસ આવી જાય છે. અને પછી જન્મે છે ડિપ્રેશન.

ડિપ્રેશન એ વર્તમાન જીવનનો સૌથી મોટો વ્યાધિ છે. દેશદુનિયામાં રોજ-બરોજ ડિપ્રેશનના કારણે હજારો લોકો આત્મહત્યા કરે છે. સામાન્ય માણસો આત્મહત્યા કરે ત્યારે અખબારોમાં એક સમાચાર બની ભૂલાઈ જાય છે પણ કોઈ સેલીબ્રીટી આત્મહત્યા કરે ત્યારે એ સમાચાર દિવસો સુધી ચર્ચામાં રહે છે.

સુપર મોડેલ વિવેકાની આત્મહત્યા એ ગ્લેમરની દુનિયામાં તો ચકચાર જગાવી છે, પણ સાથે-સાથે સામાન્ય માનવીને પણ વિચારવંત બનાવવા લાલબત્તી ધરી છે. નામ, ખ્યાતિ, પ્રતિષ્ઠા, પૈસો, વાહ-વાહ, ભોગ-વિલાસ, સફળતાના સોપાન બધુજ હોવા છતાં આજનો માનવી સાવ ખાલીખમ કેમ છે ?

આજે તો સોશ્યલ નેટવર્કિંગનો જમાનો છે. મનોરંજનની દુનિયાના તમામ સાધનો ઉપલબ્ધ છે. આનંદ-પ્રમોદ મેળવવા અનેક વિકલ્પો છે. લેટેસ્ટ કમ્યુનિકેશનથી લઈ આઈફોન સુધીની તમામ સુવિધાઓ છે. 'ફેસબુક' સાઈટ ઉપર રોજના નવા મિત્રો ઉભા કરી વિચારો અને માહિતીની આપ-લે થઈ શકે છે.

વિવેકા પાસે 'ફેસબુક' સાઈટ ઉપર ૨૦૦૦ થી

## શુભ લગ્ન

**ધર્મીની** **સ્વપનીલ**

ધર્મની ચેતન મહેતા (પડાલવાળા)

સ્વપનીલ દેવેનભાઈ અનમ

વધુ મિત્રો હતા. તેના મોબાઈલની અંદર ફિલ્મ, ફેશન, ગ્લેમર તથા બીઝનેસ જગતની ૨૫૦ થી વધુ ખ્યાતનામ વ્યક્તિઓના ફોનનંબર સ્ટોર કરેલા હતા. અનેક મિત્રો સાથે 'SMS' થી સતત સંપર્કમાં હતી. ઓળખીતા-પાળખીતાઓની આટલી વિશાળ ફોજ હોવાછતાં વિવેકા એકલતા અનુભવતી હતી. જીવનના પ્રશ્નોનો ઉકેલ આપી શકે યા મુંઝાતા મનને હુંફ આપી શકે એવો કોઈ સાથી નહીં હોય! ઉદાસ હૃદયને સાંત્વના આપી શકે એવો નજદીકનો કોઈ સ્નેહી નહી હોય!

સામાન્ય માનવીના જીવનમાં પણ ક્યારેક આવી નાજુક પળ આવી જતી હોય છે. કોઈ ક્ષેત્રમાં કામ કરતા હોઈએ કે બિસનેસ કરતા હોઈએ તો તે વ્યવસાયનું મિત્ર વર્તુંળ, સ્કુલ-કોલેજના દોસ્તો, બિલ્ડીંગ-ફળિયાના મિત્રો, કોઈ સંસ્થા યા ગ્રુપ સાથે સંકળાયેલા હોઈએ તો ત્યાંના સાથીઓ. આટ-આટલા લોકો હોવા છતાં ક્યારેક એકલતાનો અનુભવ થાય ત્યારે શું કરવું ?

સમાજમાં મોટાભાગના લોકો પાસે મિત્રોની લાઈન હોય છે. પણ સાચા અર્થમાં મિત્રો કેટલા? હમણા ફ્રેન્ડશીપ ડે ના દિવસે એક ભાઈએ બહુજ સુંદર વાત કહી 'હું આટલા વર્ષોથી વિચારું તો મને લાગે છે કે બધા લોકો પોત-પોતાના મિત્રોની વાતો કરે છે. પણ મારી પાસે તો કોઈ ફ્રેન્ડ છે જ નહી. સંબંધો દરેક સાથે મીઠા, મધુરા છે, પણ સાચા અર્થમાં કોઈ મિત્ર છે જ નહી'. બહુજ સચોટ વાત છે. મિત્રના પારખા તો સમય આવે ત્યારેજ થાય. બહુ ઓછા લોકો સાચા મિત્રો મેળવવા ભાગ્યશાળી હોય છે.

આજે શહેરોમાં મોટા-મોટા મકાનો પોતાની સુંદરતા ઉપર હસતા હોય છે. પણ એમાં વસતા લોકો

એકલતાથી પીડાતા હોય છે. માનવી નાનકડા ખોરડામાં વસે કે ગગનચુંબી ઈમારતમાં રહે જે ઘરમાં પ્રેમભીનું વાતાવરણ ન હોય એ ઘરની દિવાલોમાં હરહંમેશ શૂન્યતા વ્યાપેલી રહે છે.

આજકાલ મોબાઈલ ઉપર હાસ્ય આપતા જોક અને સારા વાક્યો વાંચવા મળે છે. ટીવીની ચેનલો ઉપર ભરપુર મનોરંજન અને આધ્યાત્મિક પ્રવચનો સાંભળવા મળે છે. પણ જ્યાં સુધી મુડ સારો હોય ત્યાં સુધી જ આ બધુ આનંદ આપે છે. એકવાર હતાશામાં મન ઘેરાય અને ક્યાંક સંબંધોમાં તિરાડ પડે એટલે વ્યક્તિ ડિપ્રેશનમાં આવી જાય છે. વ્યક્તિ જ્યારે હતાશામાં હોય ત્યારે મજાક-મશ્કરી એને ભાગ્યે જ હસાવી શકે છે. સુવાક્યો, સારા પુસ્તકો કે નજદીકના મિત્રોની કંપની મનને બિલકુલ ચેન આપી શકતા નથી. હતાશામાં ઘેરાયેલો માનવી સંજોગો સામે નાસીપાસ થઈ જાય છે. એકલવાયો વ્યક્તિ આકુળ-વ્યાકુળ બની ન કરવાનું કરી નાખે છે.

મોડલ વિવેકાએ એકલતાથી નાસીપાસ થઈ આત્મહત્યા કરી નાખી. જીવનમાં ક્યારેક એવી ક્ષણ આવી જાય કે આપણે જેને પોતીકો માનતા હોઈએ એ જ આપણને તરછોડી દે. જીવનમાં ક્યારેક એવુ પણ બને કે આપણે મુશ્કેલ સમયમાં હોઈએ અને આપણા જ લોકો આપણાથી વિમુખ થઈ જાય. જેને આપણે પોતાના જ માનતા હોઈએ એજ લોકો મતલબ નીકલ ગયા તો પહચાનતે નહી જેવું વર્તન કરે ત્યારે મન ઉદાસ થઈ જાય. જીવન એકલવાયુ લાગે. ડિપ્રેશન ઘેરી વળે. અહીંજ જીવનની કપરી કસોટીના મંડાણ થાય. નકારાત્મક વિચારો દિલો દિમાગનો કબજો જમાવે એ પહેલા વ્યક્તિ ન જાગે તો ન થવાનું થઈ જાય.

જ્યારે પણ જીવનમાં આવી પરિસ્થિતિ ઉદ્‌ભવવા

લાગે ત્યારે બધુજ દૂર હડસેલી આત્મચિંતન કરવું જોઈએ. સત્સંગ, ધર્મ અને આધ્યાત્મિકતાનો સહારો લેવો જોઈએ. કુદરતના સાનિધ્યમાં વિહરવુ જોઈએ. સારા પુસ્તકો વાંચવા જોઈએ. સકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ. પોતાની સમસ્યા, પોતાની એકલતાનો ઉપાય માનવીએ જાતે જ શોધવાનો હોય છે. કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિ વખતે નાસીપાસ થઈ, આકુળ-વ્યાકુળ બની જીવનમાં અંતનો વિચાર કરવાને બદલે ઠંડા દિમાગથી પોઝીટીવ વિચારોથી કોઈ એવો માર્ગ મળી આવે જે જીવનને નવી જ દિશા બક્ષી જાય ...

અહીં તાજેતરમાં જ વાંચેલો એક પ્રસંગ યાદ આવે છે. મધ્યપ્રદેશના શાહડાલ ગામના નાગેન્દ્ર નામની એક વ્યક્તિને વર્ષ ૨૦૦૧માં નવ વર્ષની સેન્ટ્રલ કેદની સજા થઈ. જેલમાં જ્યારે તેણે પગ મુક્યો ત્યારે જ મનોમન નક્કી કર્યું કે મનને એકલુ ભટકતુ નહિ રાખુ. નકારાત્મક વિચારોથી હંમેશા દૂર રહીશ. પોતે લેખક જીવ હોવાથી લેખન કાર્ય શરૂ કર્યું. સતત નવ વર્ષો સુધી તેની કલમ અવિરતપણે ચાલતી જ રહી. પોતાની જાતને એકલવાયી માન્યા વિના પોતે સાહિત્ય સર્જનમાં રચ્યો-પચ્યો રહ્યો અને અંતે રીઝલ્ટ તો જુઓ તે જેલમાંથી છુટયો ત્યારે સાત નવલકથાઓ, બાર ટૂંકી વાર્તાઓ અને અનેક કવિતાઓના પોતાના લખેલા ખજાના સાથે બહાર નીકળ્યો. તેની આ તમામ કૃતિઓ જ્યારે પ્રગટ થશે ત્યારે આ જેલના કેદીની ગણાના એક ઉચ્ચ કક્ષાના સાહિત્યકાર તરીકે થશે. ન માનવામાં આવે તેવી આ હકીકત છે.

એકલતા આપણો શત્રુ જરૂર છે. તેને ઝીરવવી મુશ્કેલ છે. પણ જો એકલતા સામે ઝુકવા કરતા ઝઝુમીએ તો જ ઈશ્વરે આપણી ભીતર કેટલી શક્તિ ભરી છે તેનો અંદાજ આવી શકે.

મને ખ્યાતનામ મોડેલની કાયરતા કરતાં એક ગુમનામ કેદીની ખુમારી વધુ સ્પર્શી ગઈ. સંજોગો સામે કાયર બનવું કે પડકારોનો સામનો ખુમારીથી કરવો એ વ્યક્તિએ પોતે જ નક્કી કરવાનું હોય છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ હીરક જયંતિ ઉજવણીનો

## પ્રથમ કાર્યક્રમ

શ્રી બાલાસનોર નવયુવક સંઘનો સ્થાપના દિન ૧૮-૮-૧૯૫૦ની ઉજવણી તા. ૧૮-૮-૨૦૧૦ના રોજ શ્રી બેન્કવેટ હોલ (ચીરા બજાર) ઉજવવામા આવી હતી.

સંસ્થાના મંત્રીશ્રી એ સહુ આમંત્રીત હોદેદારો, કારોબારી સભ્યો તથા જુના કાર્યકરો અને આમંત્રીતો મહેમાનોને આવકાર આપ્યો હતો અને સંક્ષેપમાં બાલાસિનોર નવયુવક સંઘ નો પરિચય આપ્યો હતો.

સંસ્થાના ઉપપ્રમુખ એ હીરક જયંતિ ઉજવણીનો અહેવાલ રજુ કર્યો હતો.

હીરક જંયતિના ચેરમેન શ્રી રજનીભાઈ લટકારી ગેરહાજર રહેવાથી તેમનો અહેવાલ ખજાનજીએ રજુ કર્યો હતો.

૬૦ વર્ષની ઉજવણી નીમિત્તે સંસ્થાના પહેલા સ્વસ્થ તથા હયાત પ્રમુખ શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) તથા પહેલા આજીવન સભ્ય શ્રી ગોપાલદાસ મગનલાલ શાહ(ગુંથરીવાલા)ના હસ્તે કેક કાપવામા આવી હતી.

સંસ્થાના પ્રમુખશ્રીએ વિવિધ પ્રવૃતીઓ પર અહેવાલ આપ્યો હતો તથા આગળની પ્રવૃતિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

આમંત્રીતોએ એમના મંતવ્યો રજુ કર્યા હતા.

સંસ્થાના સહમંત્રીએ આભાર વિધિ કર્યા બાદ સહુએ ભોજનની મજા લીધી હતી.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ) યોજે છે
# 'દાંડીયા રાસ'



**ઉપનગરના દાંડીયા રાસના અતિથિ વિશેષ મુખ્ય મહેમાન સુર્યાબેન અનીલભાઈ દોશી (હુવ્વર)**

હાલ મુંબઈવાસી બાલાસિનોરની જન્મભૂમિથી મુંબઈમાં આવી સંસ્કાર, તથા શિક્ષણ સ્વ. સાંકરલાલ મોદી (સારંગી)ની દિકરી સુર્યાબેને મેળવ્યાં. શિક્ષણ વનિતા વિશ્રામ ઈંગ્લીશ સ્કુલમાં લીધું. ઈ.સ. ૧૯૫૬માં ૧૬ વર્ષની વયે ૧૦માં ધોરણની પરિક્ષા આપી. અઠવાડિયામાં સ્વ. દોશી કીર્તનલાલ (હુવ્વર)ના જ્યેષ્ઠ સુપુત્ર સ્વ. અનિલભાઈ દોશી સાથે લગ્નગ્રંથીથી જોડાતા ભણતર અધુરુ રહયું. સંયુક્ત કુટુંબમાં રહી ઘરના વડીલો તથા બાળકોને પ્રેમ આપી તેઓના ઉછેર સાથેની સાંસારિક ફરજો નિભાવીને તેઓ તરફથી આદર, પ્રેમ મેળવ્યો.

ત્રણ દિકરાઓ સુનિલભાઈ (બી.એ.), રાકેશભાઈ (બી.એસ.સી), નિલેશભાઈ (બી.એસ.સી.)ને જાતે ભણાવ્યા. સાથો સાથ પોતે પણ જાતમહેનતથી એસ.એસ.સીની પરીક્ષા પાર કરી. ઈ.સ.૧૯૬૯માં સ્વ. અનિલભાઈને ડાયાબીટીસ તથા મેનેનજાઈટીસની ગભીર બીમારી થતાં અનેક સંઘર્ષો વેઠી પોતે બાળકો તથા બિમાર પતિને સંભાળતા. સ્વ. અનિલભાઈનો હોઝીયરી ગારમેંટનો ધંધો પણ સંભાળીને યમ ના ઘેરથી પાછા લાવ્યા.

તે દરમ્યાન સમાજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેમકે વકૃત્વ સ્પર્ધા, નિબંધ હરિફાઈ, રમત-ગમત, રાસગરબા વગેરેમાં અગત્યનો ભાગ લઈ પ્રથમ આવી અનેક ઈનામો મેળવ્યા છે. કોમ્પ્યુટરની છ પરિક્ષાઓ આપી પાસ થયાં. એક્યુપ્રેશર તેમજ આર્યુવેદિક જ્ઞાન મેળવી લોકસેવા કરી. ત્રણે પુત્રોને પરણાવ્યા. કામધંધે લગાવ્યા. આંતર રાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદમાં શ્રી મહાપ્રભુજી, શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ તથા ષોડષગ્રંથ ઉપર લેખ લખી પ્રથમ ઈનામ મેળવ્યું. તે લેખના ૧૦૦૦ પુસ્તકો છપાવી વૈષ્ણવ સમાજમાં વહેંચ્યા. કે જેથી પુષ્ટિમાર્ગીય સમાજના સ્થાપક ધર્મગુરુ તેમજ ધર્મ વિશેની અંદરની બાબતોનું દરેક ને જ્ઞાન થાય.

વાલકેશ્વરમાં ૨૦ વર્ષ રહયા. તેમની ફેટકરીઓ મલાડ, ગોરેગાંવમાં હોવાથી નિવાસ સ્થાન મલાડમાં બદલ્યું. મલાડમાં આવી મલાડમાં બાલાસિનોરના રહેતા દરેક ભાઈ બહેનોને ભેગાં કરી બાલાસિનોર મિત્ર મંડળ તથા મહિલા મંડળની સ્થાપના કરી. કારણકે બાલાસિનોર વાસી એકબીજાને ઓળખે, મદદરૂપબને અને સંબંધ કેળવાય. જે મંડળ આજે પણ જમણવાર, પિકનિક, કીટીપાર્ટી તેમજ શૈક્ષણિક પારિતોષીક તથા રાહતદરે નોટબુક વિતરણની પ્રવૃતિ કરે છે.

સુર્યાબેનના દિકરા રાકેશભાઈની દિકરી રીચા (૨૧) ઓસ્ટ્રેલીઆ તથા અમેરીકામાં L.A. કેલીફોર્નિયામાં અભ્યાસ કરી પાછા આવ્યા છે તેમજ નિલેશભાઈના દિકરા હરીન (૨૦) હાલમાં ઓસ્ટ્રેલીયામાં અભ્યાસઅર્થે ગયેલ છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## (ઉપનગર વિભાગ)

સહર્ષ યોજે છે

# ''દાંડિયા રાસની રમઝટ'

**મનિષ એન્ડ હીઝ ઓરકેસ્ટ્રાની રમઝટઆપ સહુના સથવારે**

**તા. ૨૪-૧૦-૨૦૧૦ સમય સાંજે : ૫.૩૦ કલાકે**

**સ્થળ :** કેવલબાગ, કીલાચંદ રોડ, શૉપર્સસ્ટોપની નજીક, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

ઉપનગર વિભાગ દાંડિયા રાસના અતિથી વિશેષ

## મુખ્ય મહેમાન શ્રીમતી સુર્યાબેન અનીલભાઈ દોશી (હુવર)

**દરેક બાલાસિનોર વાસીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે**

પ્રથમ ૫૦૦ વ્યક્તિઓને ફ્રી કોલ્ડ ડીન્કસની કુપન આપવામાં આવશે. દાંડિયારાસ રમવા આવનાર ટ્રેડીશનલ ડ્રેસ સારામા સારો પહેરી આવશે તથા સારૂ રમનારને પ્રાઈઝ આપવામાં આવશે. ઉમંર પ્રમાણે ગ્રુપ પાડી લેડીઝ તેમજ જેન્ટસને ગેટ ઉપરથી બેચ આપવામાં આવશે :- સાંજે ૭.૦૦ કલાક સુધી.

શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ પણ છે.

ઉપનગર વિભાગના ધોરણે ૧ થી ૯ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના શૈક્ષણીક ઈનામો આપવામાં આવશે. રિઝલ્ટની ઝેરોક્ષ કોપી મોકલી આપવા વિનંતી. રિઝલ્ટની પાછળ સરનામુ તેમજ ટેલીફોન નંબર ખાસ લખવો. તા. ૨૫.૯.૨૦૧૦ સુધીમાં નીચેના કોઈપણ સરનામે મોકલવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ | : | સંસ્થાની ઓફીસ |
| ૨) શ્રીગાંધી નિમીષ બાબુલાલ | : | બી-૩૧, રાજેષ એપાર્ટમેન્ટ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯ |
| ૩) શ્રી દક્ષેસ સોમાલાલ પરીખ | : | ૨૩/૨૪, સિધ્ધી એપાર્ટમેન્ટ, શક્તિનગર, મલાડ (વેસ્ટ) મું- ૪૦૦૦૬૪ |
| ૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | : | સી. ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) મું-૪૦૦૦૯૨ |
| ૫) શ્રી ધારિયા કલ્પેશ કીર્તનલાલ | : | બી.૪૦, ભાગ્ય અપાર્ટમેન્ટ, ભંરડાવાડી, અંધેરી (વેસ્ટ), મું.- ૪૦૦૦૫૮ |

**સંયોજક : દક્ષેશ પરીખ** **મંત્રીઃ મંજુલ ધારીયા**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની
# શ્રીજી મેડીકલેઈમ યોજના અંગેની માહિતી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની મેડીકલેઈમ યોજના હેઠળ સંસ્થા મેડીકલેઈમ પ્રીમીયમમાં કુટુંબની વાર્ષિક આવકના ધોરણે રાહત આપવામાં આવશે.

૧) આ યોજનામાં ભાગ લેનાર કુટુંબના સભ્યદીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીનો મેડીકલેઈમ આવરી લેવામાં આવશે. આનાથી વધુ રકમનો મેડીકલેઈમ લેવો હોય તો પણ છૂટ છે. પરંતુ સંસ્થા વ્યક્તિ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- અથવા ફેમીલીદીઠ , ૨,૦૦,૦૦૦/- ના મેડીકલેઈમ કવરેજ માટેના પ્રીમીયમમાં રાહત આપશે. જેની નોંધ લેવી.

૨) જે લોકોને આ યોજનામાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે આ માટે સંસ્થાએ નિયુક્ત કરેલા વીમા એજન્ટ શ્રી ભરતભાઈ પરીખનો ફોન. ૨૮૭૦૩૧૪૨ અને મોબાઈ નં. ૯૮૬૯૧૨૬૦૧૮ સંપર્ક સાધવો જે કુટુંબને તેમનો મેડીકલેઈમ રીન્યુઅલ કરાવવાનો બાકી હોય તો તેમણે શ્રી ભરતભાઈ પરીખ પાસેથી ફોર્મ લઈને પાછાં તેમને અથવા તો સંસ્થાની ઓફિસમાં પહોંચાડવાનાં રહેશે.

૩) આ યોજનામાં ભાગ લેનાર કુટુંબે સંસ્થાનું ફોર્મ તથા મેડીકલેઈમનું ફોર્મ ભરવાનું રહેશે.

૪) પ્રીમિયમની સપૂર્ણ રકમ વીમા એજન્ટને આ યોજનામાં ભાગ લેનારે આપવાની રહેશે, ત્યારબાદ આપની આવકના ધોરણે સંસ્થા દ્વારા રકમ પરત કરવામાં આવશે.

૫) આ યોજનામાં ભાગ લેનારને જો મેડીકલ ચેકઅપ જરૂરી હોય તો એ મેડીકલ ચેકઅપનો સંપૂર્ણ ખર્ચ વ્યક્તિએ પોતે આપવાનો રહેશે.

૬) જો આપ મેડીકલેઈમનું ફોર્મ ભરતી વખતે આપના જૂના રોગની વિગત છુપાવશો અને કલેઈમ કરતી વખતે આ કારણે જો મેડીકલેઈમ ન મળે તો એની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

૭) મેડિક્લેઈમની વધુ વિગતો એજન્ટ પાસેથી મેળવી લેવા વિનંતી જેથી હોસ્પિટલાઈજેશન કરતી વખતે શું કરવું અને કયા બીલો, કયા પ્રીસ્ક્રીપશન આપવા વગેરે જાણકારી હોય તો કલેઈમ કરવામાં આપને સુવિધા રહેશે.

૮) જે સંસ્થામાંથી મેડીકલેઈમ યોજના માટે લાભ લેતા હોય તેમના માટે થોડા ફેરફાર નીચે મુજબ કરવામાં આવ્યા છે.

(૧) પોલીસી ભરાઈ ગયા પછી ૧ મહિનાની અંદર ફોર્મ તથા રસીદની ઝેરોક્ષ સંયોજક અથવા સંસ્થાની ઓફિસમાં મોકલવાની રહેશે. ત્યારબાદ આવનાર અરજીમાં (ફોર્મ/રસીદ) રાહત આપવામાં આવશે નહિ. તથા પોલીસીની ઝેરોક્ષ ૨ થી ૨૧/૨ મહિનાની અંદર મોકલી આપવાની રહેશે.

(૨) તમારી પોલીસી બીજા એજન્ટ પાસે હોય તો તેમને પણ ઉપર મુજબના સમય દરમ્યાનમાં જ મોકલી આપવાની રહેશે અને તેની જવાબદારી પોલીસી લેનારની જ રહેશે.

આ યોજનાનો મુળ હેતુ વધુ ને વધુ કુટુંબને મેડીકલેઈમ લેતા કરવાનો છે.

જે આપને આપના કુટુંબીજનો ઉપર આવતી શારીરિક આફતો સાથે આર્થિક બળ પુરુ પાડશે.

**મંત્રી : મંજુલ ધારિયા**

**સંયોજક : ભરત કાંતીલાલ પરીખ ઘર નં. : ૨૮૭૦૩૧૪૨/ મો. ૯૮૬૯૧૨૬૦૧૮**

# શ્રી ગોકુળનાથજી મંદિર બાલાસિનોર અપીલ

**વ્હાલા વૈષ્ણવજનો,**

આજથી લગભગ એક વર્ષ અગાઉ આપણા વાડાશિનોરના ગોકુલનાથજી મંદિર માટે અપીલ જ્યોતિ-પુંજમાં કરી હતી અને એના પ્રતિસાદ રૂપે આપણા ભગવદીય વૈષ્ણવો તરફથી સારી સેવા પ્રાપ્ત થઈ હતી. હવે પાછલા એક વર્ષથી મંદિર અને ફગવા બગીચા ખાતે જે કામનું આયોજન થયું તે આપની સમક્ષ રજુ કરૂં છું.

**ફગવા બગીચા મંદિર ખાતે નીચેના કામો થયાં છે**

૧) મંદિરની અંદર વૈષ્ણવોને અપરસમાં ન્હાવા માટે નવા બાથરૂમ સ્ત્રી-પુરુષ માટે

૨) મંદિરની બહાર પણ સ્ત્રી-પુરૂષ માટે પેશાબ ઘર જુદા જુદા બનાવ્યા છે અને સંડાસ પણ આધુનીક કમોડ સીસ્ટમના બે બનાવ્યા છે.

૩) જુના રસોડાને પાયામાંથી આધુનિક જરૂરીયાત મુજબ બધી સગવડવાળુ બનાવ્યું છે તથા સાથેના રસોઈ ઘરને પણ વ્યવસ્થીત જરૂરીયાત મુજબ ફેરફાર કરી જીર્ણોધ્ધાર કર્યો છે.

૪) ભોજન માટે ભોજન ચોક પેવર બ્લોક બેસાડી વૈષ્ણવો પ્રસાદ લે તેવો બનાવ્યો છે.

૫) જમ્યા પછી હાથ ધોવા માટે બે જગ્યાએ શહેરની માફક બે નળ શીંક બનાવ્યા છે.

૬) મંદિરની સામેના ચોકમાં પણ પેવર બ્લોક બેસાડયા છે અને પ્રવેશદ્વારથી મંદિર સુધી પેવર બ્લોક બેસાડયા છે. મંદિરની ફરતે ચારે બાજુ પેવર બ્લોકનો રસ્તો બનાવ્યો છે.

એટલે ઉત્સવના દિવસોમાં વૈષ્ણવોને જરૂરી સગવડનો ખ્યાલ રાખી આ બધું આયોજન થયું છે.

હવે ફગવા મંદિર ગૌશાળા માટે અને ગોચરની ખેતી માટે જમીનમાં જે કામ થયું છે અને ચાલુ છે.

ગાયોને જ્યાં બાંધતા હતા ત્યાં તેમને પીવાનું પાણી ચોવીસે કલાક તેમની સામે બાંધેલી નીકમાંથી તાજુ મળી રહે તે રીતે પાઈપ લાઈન લાવી બોલકોક બેસાડી પાણી તેમને પહોંચે તેવી આધુનીક ટેકનીકથી વ્યવસ્થા કરી છે.

ગાયોને દીવસના ટાઈમે છૂટી અત્યાર સુધી રાખતા નહોતા હવે તેના માટે એક મોટો વાડો ઉભો કર્યો છે. તેમાં પાણીનો હવાડો પણ બનાવ્યો છે. એટલે ગાયો માટે તંદુરસ્ત વાતાવરણ ઉભુ થયું છે. ગોચરની જમીનમાં અત્યાર સુધી જે પાક લેવાતો હતો તેમાં ઘાસનું ઉત્પાદન અને ગૌચારો વધુ થાય તે રીતે ખેતીનું આયોજન કર્યું છે. અને બધી જમીનમાં જુદા જુદા સમયે જરૂરીયાત મુજબ ગાયો બાજરી, જુવાર, મકાઈ વિગેરેનો ઘાસ ચારો મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. આના ફળ સ્વરૂપે એકાદ વર્ષમાં ગૌશાળા ખાતે બારે મહીને બહારથી ઘાસ ખરીદવું પડતું હતું તેમાં લગભગ ૫૦ ટકાની બચત થશે.

આ સીવાય મંદિર બહાર જે પ્લોટ છે એ જમીનમાં બન્ને પ્લોટમાં ઝાડ રોપાયા છે. આ સિવાય મંદિરની બાઉન્ડરીની બાજુમાં ઝાડ રોપાયા છે જે ૫ થી ૧૦ વર્ષમાં આવકનું સાધન થશે. આ સિવાય મંદિરમાં જે પડતર જમીનમાં ગુલાબ અને મોગરાની કયારીઓ કરી તેના રોપા રોપ્યા છે તે ફુલો મંદિરની સેવામાં બારે મહીને કામમાં આવશે અને બહારથી ખરીદવા નહીં પડે.

આપણાં મંદિર ખાતે મહારાજશ્રીનો નિવાસ બીજે માળે આધુનીક સગવડથી સુસજજ બનાવ્યો છે. મહારાજશ્રીએ ત્યાં પધરામણી કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

હવે મંદિર ખાતે જે કામ કરવાનું છે તેના માટે આ અપીલ દ્વારા ટહેલ નાખી છે.

મંદિર આપણું બન્યુ તે વખથે જે મારબલ દિવાલમાં બેસાડયા હતા તે મારબલમાં કોતરણી કરી ગ્રેનાઈટ અને બીજી ડીઝાઈન કરવાથી દિવાલ શુશોભીત થઈ જશે. આ સિવાય વર્ષોથી ચિત્રો જે દિવાલ અને છતમાં બનાવ્યો છે તે પણ કાળની થપાટથી ઝાંખા પડી ગયા છે એ રંગ પણ ઠેકાણે ઠેકાણે ઉડી ગયો છે. ચિત્રો પણ રીપેઈન્ટ કરાવવાના છે અને મંદિરને રંગપણ કરવાની જરૂરત છે. આ બધા માટે લગભગ દશ લાખ જેવા ખર્ચનો અત્યારે અંદાજ છે. આપણા વૈષ્ણવોને વિનંતી છે કે, આપ આ કામ યથા શક્તિ ફાળો નોંધાવી હાથ લંબાવશો. આપનો ફાળો મુંબઈ ખાતે નીચેના ભાઈઓ પાસે નોંધાવશો અને બાલાસિનોર ખાતે મણીકાન્તભાઈ કડકીઆને નોંધાવી શકો છો.

**મુંબઈ ખાતે :-** ૧) નવનીતલાલ સરકાર, ૨) રસિકભાઈ દેવ, ૩) આર.આર.કડકીઆ, ૪) જગદિશભાઈ ધારીઆ

શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ

**નોંધ :-** આપણા મંદિર તથા ફગવા બગીચા મંદિર ખાતે જે સુંદર કાર્ય થયું છે જે દર્શનીય છે એ આપ વૈષ્ણવો જ્યારે બાલાસિનોર પધારો અવશ્ય મુલાકાત લેશો અને આ કાર્યનું શ્રેય બાલાસિનોર ખાતે સેવાભાવથી સ્થાયી થયેલા શ્રી બીપીનભાઈ મોદી અને શ્રી રજનીકાન્તભાઈને જાય છે એમની દિર્ઘ દ્રષ્ટી કરકસરથી આ કામ સુંદર રીતે ચાલી રહયું છે.

નવીનચંદ્ર ચી. શાહ. પ્રમુખ ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ

# બાલાસિનોર વિદ્યામંડળ
# મંડળ સંચાલિત Arts & Commerce Collage
# ના અનુસ્નાતક (P.G.) વિભાગની વિંટબણા

આ વર્ષથી Gujart University એ P.G. Courses માં મહત્વના ફેરફાર કર્યાં છે. જેવાકે :

a. Yearly Pattern to Semester Pattern
b. 3 Subject/term to 6 Subjects/term
c. per week / per dept. 12 Lactures - 24 Lectures
d. Essentially more than 2 reconised professors for respy department

આમાં શૈક્ષણિક કાર્યભાર (Teaching lod) વધારતાં અને માન્ય અધ્યાપકોની શરત મૂકાતાં આ વિભાગને આંશિક (Partly) રીતે બંધ કરવાની નૌબત આવી છે.

P.G. Part I+II અગાઉની પદ્ધતિથી Per Week Per Dept. 12+12 Lecture થતાં આ વર્ષે 24+12 Lecture થાય અને આવતા વર્ષથી 24+24 થાય. મતલબકે Part time P.G. Course, Full time થઈ જાય. આપણી સંસ્થાની Priority સ્નાતક કક્ષા (U.G) છે. અનુસ્નાતક કક્ષાની (P.G.) નહીં.

Sanskrit વિભાગને બાદ કરતાં આપણી પાસે P.G. માન્ય Professors બે કે તેથી ઓછા છે. નિવૃત થતા Professors બહારગામ હોવાના કારણે / ઓછા વળતરને કારણે આવવા તૈયાર નથી. Adhoc teachers, P.G. માટે માન્ય નથી.

આ વર્ષથી P.G. માં ૬૦ વિદ્યાર્થી નીયમ મુજબ અને ૪૦ વિદ્યાર્થી Self finance ધોરણે ભરવાની મંજુરી આપી છે. University માં Direct external envolvement નું પ્રમાણ વધુ છે. જે University ને ફાયદાકારક છે. S.P. University માં કોઈ ફેરફાર ન હોતાં ત્યાં Admission બરાબર છે.

એટલે આ વર્ષે આપણી Collage માં ફક્ત Sanskrit વિભાગમાં Part-I માટે ૪૨ Admissions થયાં છે. બીજા વિભાગમાં Admissions આપ્યાં નથી.

આ વિટંબણાઓ અંગે ગુજરાત યુનિવર્સિટિ ગ્રામ્ય વિસ્તાર કોલેજ સંચાલક મંડળ અને આચાર્ય મંડળની સંયુક્ત Meeting માં નડિયાદ મુકામે રજુઆત થયેલી આવેદન પત્ર આપેલું પણ કુપલતિશ્રીનો પ્રતિસાદ P.G. Centers માટે હકારાત્મક નથી.

૨૦૧૦નાં આપણાં પરિણામો University સાથે

| Class | FYBA | SYBA | TYBA | FYBCom | SYBCom. | TY BCom |
|---|---|---|---|---|---|---|
| University% | 46.27 | 68.40 | 72.36 | 50.78 | 69.97 | 69.37 |
| college % | 69.84 | 81.32 | 73.48 | 72.17 | 70.04 | 63.63 |
| College 1 class | 25 | 16 | 07 | 02 | 01 | Nil |

TYBA નું પ્રમાણમાં ઓછું પરિણામ University દ્વારા Compulsary English ના Course માં આકસ્મિક ફેરફાર (Surprise Change) તથા Work book સમયસર ન મળવાને કારણે છે.

T.Y.B.Com નું ઓછુ પરિણામ C.C. અને Economics ના પેપર નબળા ગયા હોવાને કારણે છે. Regular Staff ન હોતાં adhoc/part time staff થી ચલાવવું પડે છે, આ વર્ષે આને સુધારવાના પ્રયત્નો કરીશું.

**-બાલાસિનોર વિદ્યામંડળ વતી મંત્રીઓ**

# Recreation Club of Balasinor

**Opp. Kanti Park, Balasinor - 388 255**

Unique associations of prominent members of Balasinor were thinking of creating an outlet offering recreational facilities to the natives and residents of Balasinor. At one such meeting it was the brain child of SHRI DILIP M. DHARIA (Lalkha), which favored the formation of Recreation Club of Balasinor which would be accessible to the people of Balasinor.

As formally announced in Jyoti-punj magazine JUNE - 2010 issue, project of setting up the most modern club in BALASINOR has finalised. The preliminary procedure has now begun, The RECREATION CLUB OF BALASINOR will be one of its kind in the entire Kheda district having all the modern facilities and amenities such as Cricket Stadium, Snooker Room, Table Tennis Room, Well Equipped Gymnasium, Carrom Hall, Card Room, Jogging Track, Conference Room, Library, Multi Cusine Restaurant, and above all Air Conditioned Rooms for members and their guests.

Club building will be ready within short span of couple of months. Exact date will be announced in December 2010 issue.

As decided by the committee, Limited number of members will be enrolled in the club on first cum first basis. So hurry up and get yourselves enrolled before the opportunity closes its door.

Membership details and forms can be obtained from the below mentioned addresses on payment of Rs. 50/- (Non refundable) from 16-08-2010 onwards.

**Shri Dilip M. Dharia (Lalkha) (President)**
C/o Imperial Tube & Hardware Mart
132, Nagdevi Street, Mumbai - 400003
(O) 23442616 / 18, Cell : 9819265015

**Dr. S. Devwala (Hon. Secretary)**
C/o Mohmadi High School
Balasinor - 388 255
Cell : 09725258964

***Note : - Membership subject to approval by the committee.***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## ૪૨મી વાર્ષિક સામાન્ય સભા

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ૪૨મી વાર્ષિ ક સામાન્ય સભા તા. ૨૯.૮.૨૦૧૦ના રવિવાર સવારે ૯.૦૦ કલાકે સમાજના પ્રમુખ પદ સેનેટ હોલ, સ્ટેટસ રેસ્ટોરન્ટ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧ ખાતે મળી હતી. જેમાં સહી બુકમાં સહી કર્યા મુજબ સભ્યો હાજર રહ્યાં હતાં.

પ્રમુખશ્રીએ સૌને આવકાર આપી સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી નિમીષ કડકીઆ (મલમ) એ ૪૧મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યું હતું. જેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. મંત્રી નિવેદન ૪૨ મી વાર્ષિક સામાન્ય સભાની બુકલેટમાં છાપ્યું છે એને મંત્રીએ રજુઆત કરી હતી. જેને પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. વાર્ષિક હીસાબી નિવેદનો ખજાનચીએ રજુ કર્યા હતા. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

આ.ઈ.ઓ. ધારીઆની ઑડીટર્સ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ બધાના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં હતાં.

ચૂંટણી પંચનો અહેવાલ કન્વીનર શ્રી રજની લટકારીએ રજુ કર્યો હતો. જેનો ઠરાવ પ્રમુખ સ્થાનેથી પસાર કરવામાં આવ્યો હતો. જે મુજબના નીચે પાંચ સભ્યો બીન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં હતા. (૧) શ્રી જતીન ન. દેસાઈ (૨) પંકજ કાં. ધારીઆ (૩) દક્ષેશ બા. કડકીઆ (૪) પ્રદીપ પ્ર. કડકીઆ (૫) નિખિલ બા. પરીખ.

વડીલો તથા સભામાં હાજર રહેલા સભ્યોનાં સૂચનો નોંધવામાં આવ્યાં હતાં. પ્રમુખશ્રીએ અંતમાં પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું.

૪૩માં વર્ષની પહેલી બેઠક તા. ૨૯.૮.૨૦૧૦ના રોજ વાર્ષિક સામાન્ય સભા પત્યા પછી રાખવામાં આવી હતી. જેનું પ્રમુખ સ્થાન શ્રી મીનીષ બા. કડકીઆ (લટકારી) એ સંભાળ્યું હતું. નીચે મુજબના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| **પ્રમુખ** | : | શ્રી પંકજ કા. ધારીઆ (લાલખાં) |
| **ઉપપ્રમુખ** | : | શ્રી નીતન પ્ર. ગાંધી |
| **મંત્રી** | : | શ્રી નિમીષ મ. કડકીઆ (મલમ) શ્રી દક્ષેશ બા. કડકીઆ (લટકારી) |
| **ખજાનચી** | : | શ્રી રાજેન્દ્ર કી. દેસાઈ (લાટવાળા) શ્રી પરેશ ર. પરીખ (દુધવાળા) |

બે કો.ઓપ્ટ સભ્યો તરીકે શ્રી બીપીન કા. દેસાઈ તથા શ્રી નીતીન જે. પરીખ (બખલી)ની નિમણુંક કરવામાં આવી હતી.

**વિવિધ પેટા સમિતિના સંયોજક નીચે મુજબ છે**

| | | |
|---|---|---|
| **આર્થિક રાહત** | : | શ્રી ઉર્વીશ ર. મોદી (દેવ) |
| **ઈન્ટરેસ્ટ રીલિફ સ્કીમ** | : | શ્રી નીમીષ મ. કડકીઆ (મલમ) |
| **મેરેજ બ્યુરો** | : | શ્રીમતી સંગીતા નિ. પરીખ (લાય) |
| **ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટ** | : | શ્રી પંકજ કા. ધારીઆ (લાલખાં) |
| **મેમ્બર્સ રીલેટેડ** | : | શ્રી રાજુ મો. પરીખ (લાય) |
| **આરોગ્ય ધામ સમિતિ** | : | શ્રી મીનીષ બા. કડકીઆ (લટકારી) |
| **સ્ટેચ્યુટરી અને લીગલ એડવાઈઝ** | : | શ્રી જતીન ન. દેસાઈ |
| **ભંડોળ સમિતિ** | : | શ્રી વ્રજેશ ન. દેસાઈ |

**શ્રી નીમીષ કડકીઆ  શ્રી દક્ષેશ કડકીઆ  માનદ્ મંત્રીઓ**

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ ભારતિય વિદ્યા ભવન (ભવન્સ ચોપાટી) ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજીત કરવામાં આવેલ છે.

Talent Appreciation Scheme ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત વાડાસિનોર વણિક જ્ઞાતિનાંજ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું જાહેર સન્માન કરી આપણાં સમાજના વિરલ વ્યક્તિત્વોની સમાજમાં આગવી ઓળખ આપી, તેમની ઉપલબ્ધિઓને બીરદાવવામાં આવશે. તેમજ દાતાઓનું સન્માન પણ કરવામાં આવશે.

**આ વર્ષનાં સન્માનીય વ્યક્તિ-વિશેષો અને ઉપલબ્ધિકારો (Personalities, Achievers & Talents)**

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ | - | ઉદ્યોગ, સમાજસેવા, આંતરરાષ્ટ્રીય હોદ્દો |
| ૨) | શ્રી નવનીતભાઈ મણીલાલ શાહ (ઝાટ) | - | સમાજસેવા |
| ૩) | શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | - | નર્મદા યોજનામાં પ્રદાન, સમાજસેવા |
| ૪) | શ્રીમતી ઉષાબેન શૈલેષ ધારીઆ | - | પાકશાસ્ત્ર, સમાજસેવા |
| ૫) | આકાશ સમીર ધારીઆ (લાલખા) | - | ચેસ |
| ૬) | યશ અલ્કેશ કડકીઆ (ફાડીઆ) | - | કરાટે |
| ૭) | ઝીલ રાજીવ ગાંધી | - | સ્કેટિંગ |

## સન્માનીય દાતાઓ

## શ્રી નટવરલાલ સાંકરલાલ દેસાઈ

## શ્રીમતી વસંતિકાબેન અને શ્રી જયંતિલાલ છગનલાલ કડકીઆ (વલ્લભધેલા)

## શ્રી જીતેન્દ્ર ઓચ્છવલાલ ધારીઆ (દાઉદીઆ)

## શૈક્ષણિક સહાય દાતાઓને અપીલ

આ વર્ષે પણ શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની દાતાઓને અપીલ કરીએ છે. આ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂા. ૧૦,૦૦૦/- ના એક એવા ૧૫

યુનીટ પ્રાપ્ત થયા છે. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**દાન વચન**

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત ટ્રસ્ટને દાતાઓ તરફથી નીચે મુજબ ન્યાસફંડ દાન વચન/ દાન પ્રાપ્ત થયા છે.

૧) સ્વ. સુરેન્દ્ર કાંતિલાલ મોદી (વિમાવાળા) હસ્તે કોકિલાબેન સુ. મોદી, રૂા. ૫૧,૦૦૦/- (અંકે રૂા. એકાવન હજાર પુરા)

૨) શ્રી જીતેન્દ્ર ઓચ્છવલાલ ધારીઆ (દાઉદીઆ), રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પુરા)

આ ન્યાસફંડના વ્યાજમાંથી પ્રતિ વર્ષ જરૂરિયાતમંદ વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય કરવામાં આવશે. મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ**

---

## બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત

# ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટનો બીજો સેમીનાર

શ્રી નિખિલ દેસાઈ દ્વારા - બાલાસિનોરના યુવાનો અને ટેલેન્ટને આકર્ષવાના પ્રયાસરૂપે શરૂ કરવામા આવેલ આ સમિતિનો બીજો સેમીનાર તા. ૪થી જુલાઈના રવિવારના રોજ સેનેટ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં લગભગ ૧૭૫ જણાએ ભાગ લીધો હતો. આપણા જ બાલાસિનોરના શ્રી પ્રવિણભાઈ દેસાઈ દેડકીના સુપુત્ર શ્રી નિખિલ દેસાઈ ઈન્ટરનેશનલ સ્પીકર, મોટીવેટર અને ટ્રેઈનર છે. ધ સેન્ટર ઓફ એક્સલન્સના નેજા હેઠળ તેઓ એ દેશ દુનિયાના ૪૫ શહેરોમાં વર્કશોપ કોરપોરેટ હાઉસ દ્વારા તેઓને આમંત્રણ અપાયું છે. જેમાં મોટા મોટા અઢી લાખ લોકોને મોટીવેટ કરી ચુક્યા છે. આ સેમીનારમાં ફક્ત એક જ કલાકમાં બાલાસિનોર વાસીઓના સ્ટ્રેલને ઓછું કરવામાં અને સમયનું મેનેજમેન્ટ સમજાવવામાં સફળ રહ્યા હતા. લોકો એટલાં ખુશ હતાં કે ભવિષ્યમાં એ વિષયો ઉપર આખા દિવસનો વર્કશોપ યોજવાનું સુચન ઘણા શ્રોતાઓ તરફથી આવ્યું હતું. પહેલા સેમીનારની જેમ આ વખતે પણ કાર્યક્રમના સ્પોન્સર રજનીભાઈ શાહ નગરસેવકના પરિવારજનો હતાં આ વખતે મુખઅય મહેમાન શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ નગરશેઠ હતા. જેઓએ આ કાર્યક્રમનો સમગ્ર ખર્ચ ઉઠાવ્યો હતો. પ્રગતિ સમાજ દ્વારા તેઓનું શાલ તથા મોમેન્ટો આપીને યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સંયોજક અને પ્રમુખ શ્રી પંકજભાઈએ ફરીથી યુવાનો અને વડીલોને આપણા બાલાસિનોરની બધી ટેલેન્ટને એકછત્ર નીચે લાવવાના આ પ્રયત્નમાં સાથ અને સહકારની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં બ્રેકફાસ્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. હવે પછીનો સેમીનાર સ્વાસ્થય વિષય પર યોજાય એવા સુચનનું સ્વાગત કરી આપણા ગામનાજ ડૉકટરના સેમીનારનું વચન આપવામાં આવ્યું હતું. આશા છે આગામી સેમીનારમાં બહોળી સંખ્યામાં ભાગ લઈ અમારા આ ધ્યેને આંબવામાં સહકાર મળશે.

# "BALASINOR MEDICAL ASSOCIATION"

It is a well known fact that "Prevention is better than cure". In order to apply this principle for our community health, it is imperative that we should know the disease pattern in our community.

Balasinor Medical Association Managing Committee has unanimously accepted this suggestion of their President Dr. Kirit Mody to get health details of community members. The main purpose of getting this would be to know the status of common disease prevalent in our community and to act for prevention of this disease in future by conducting awareness programme like

- Medical lectures
- Imparting knowledge through articles in Jyotipunj
- Arranging Screening camps.

In order to implement this, our committee has decided to publish survey forms in Jyoti punj for three months i.e. September, October and following manner.

1. Four forms are printed, but if additional forms are required please Xerox it and fill it up.
2. Kindly deposit the forms at the following address:

- V D N M Medical Trust office at Mehta House
- Pragati Samaj office at Kalbadevi
- Dr. Akshay D Sevak (Hon Secretary) at 9/10 Gita A, P Ramabai Road, Gamdevi
- Dr. Rajat Mody at Borivali, for residents of Borivali and nearby suburbs
- Dr. Jayesh Desai at Vile Parle for resident of nearby suburbs.

***- Dr. Akshay Sevak / Dr. Rajesh Parikh***

## HEALTH SURVEY FORM

**Vasti Patrak No.** **Resident / Non Resident**

**Name Age:** **Sex : M / F**

1. Blood Group :
2. Any Operation - Yes / No, If yes what operation-
3. Diabetes -Yes / No, If yes Since When-
4. Blood Pressure - Yes / No, If yes since when-
5. Cancer - Yes / No, If yes which cancer-
6. Asthma - Yes / No, If yes since when-
7. Heart Disease - Yes / No, If yes since when-
8. Paralysis - Yes / No, If yes since when-
9. Any other health problem:
10. Family history of Diabetes/Heart Disease / Cancer / B.P. / Asthma (Circle or tick mark)

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત

# ૫૯ મો વાર્ષિક રસોત્સવ

આપણે ત્યાં વર્ષો પહેલા રંગભવન ધોબીતલાવ ખાતે રસોત્સવના પોગ્રામો થતા હતા. જેમા આપણી જ્ઞાતીના ભાઈ-બહેનો સાથે મળીને નૃત્ય નાટિકા, ગરબા રાસ એવા ઘણા બધા પોગ્રામ થતા અને એની યાદ તાજી કરવા માટે આ વખતે ૫૯ મા વાર્ષિક રસોત્સવનું બીરલા માતૃશ્રી સભાગૃહ મુંબઈ ખાતે આયોજન કરવામાં આવશે. તા. ૨૧-૧૧-૧૦ રવિવાર સવારે ૯.૩૦ થી ૧.

આપણી જ્ઞાતીના ભાઈ-બહેનોએ ભેગા મળી પોગ્રામ કરવાનો વિચાર કર્યો છે. આ પોગ્રામમાં ભાગ લેવા માટે તમારે તમારું ૮ થી ૧૦ વ્યક્તિનું ગ્રુપ બનાવવાનું છે. જેમા ગરબો, ફિલ્મીગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુડાન્સ, અથવા નૃત્ય નાટીકા સારી થીમ હોય તો એ પણ કરી શકાશે. આ પોગ્રામમા મુંબઈવાળા મુંબઈમાં અને પરા વાળા પરામાં પોત પોતાની રીતે પ્રેકટીસ કરી શકશે.

તો આવો જલ્દી કરો. વહેલા તે પહેલા ધોરણે નામ લખાવવા વિનંતી.

આ પોગ્રામને ખૂબજ સારી રીતે ઉજવશું ફરી એક વખત તમારા સાથ સહકારની જરૂર છે.

નામ લખવવાના સ્થળ :

૧. **હેમેન્દ્ર રમણલાલ શાહ :** સી.૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૯૨ ફોન : ૯૮૨૦૦૧૧૫૮૬ / ૨૮૦૫૦૭૩૫

૨. **શાહ એન્જી ઈક્વિ કોપો. :** જી-૩, સુપારી ભવન, ૮૩/૮૫ કાઝી સૈયદ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩
તમે ઈમેલ થી પણ મોકલી શકો છો.
Email: shahsafe@gmail.com - shahsafe@mtnl.net.in

૩. **સંસ્થાની ઓફિસે :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મુંબઈ.

**મંત્રી : મંજુલ ધારિઆ** | **સંયોજક : હેમેન્દ્ર આર. શાહ**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો ૭મી ઓગસ્ટનો કાર્યક્રમ મિઠાઈનું ડેમોનસ્ટ્રેશન અને મકાઈની ગળી અને તીખી વાનગીની હરીફાઈ લાડની વાડીમાં રાખવામાં આવી હતી. જેમાં ૧૮ બહેનોએ ભાગ લીધો હતો. અને ૧૧૦ જણાએ હાજરી આપી હતી. મહિલા વિભાગના કાર્યક્રમ માટે એક દાતા તરફથી રૂા. ૧૦,૦૦૦/-નું માતબર દાન મળ્યું હતું. મહિલા વિભાગ તેમનો તથા તેમના પરિવારનો હૃદય પૂર્વક આભાર માને છે. મિઠાઈના ડેમોનસ્ટ્રેશન માટે આપણીજ જ્ઞાતીની બેન શ્રીમતી દિપ્તી પ્રિયદર્શન પરિખને બોલાવવામાં આવ્યા હતા. જેમને ખુબજ સુંદર રીતે કેસર કાજુતકરી અને રોલ, પિસ્તાના પાન, ખજૂરના રોલ, કાજુ સિતાફળ, કાજુબોન બોન, કાજુના પિઝા અને સૂરજમુખી નુ ડેમોનસ્ટ્રેશન કર્યું હતું. હરિયાળી અમાસ પાસે આવતી હોવાથી ઘણાએ મિઠાઈ બનાવી ઠાકોરજીને ધરાવી હતી. મકાઈની હરિફાઈ રાખવામાં આવી હતી જેમાં

ત્રણ પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. જેમાં જજ તરીકે શ્રીમતી ઉર્વશીબેન પોપટને બોલાવવામાં આવ્યા હતા. તેમણે ખૂબજ સુંદર રીતે જજ કર્યું હતું. મહિલા વિભાગ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

**પ્રથમ ઈનામ :** લીના મંજુલ ધારીયા : કોર્ન રોઝાલા

**દ્વિતિય ઈનામ :** ભારતી ભરત શાહ : કોર્ન કોન

**ત્રીજુ ઈનામ :** બેલા મનોજ કચેરિયા :
બેક કોર્નપાલક વિથ સ્પગેટી.

નાસ્તામા છોલે પૂરી અને કાજુરોલ આપવામાં આવ્યા હતા. નાસ્તાને ન્યાય આપી પ્રોગ્રામના વખાણ કરી બધા છુટા પડયા.

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ ૨૩મી ઑક્ટોબર એ હિંદી વિદ્યા ભવનમાં સમય બપોરે ૨.૩૦ વાગે દાંડિયા રાસ રાખવામાં આવ્યા છે, જેના પાસ ૧૨મી ઑક્ટોબરે સંસ્થાની ઓફીસેથી ૩-૪ વાગ્યાની વચ્ચે રૂા. ૩૦ લઈને આપવામાં આવશે. આ સાથે લહાણીના રૂા. ૧૦૦/- રાખવામાં આવ્યા છે. જેના પાસ એજ દિવસે મળશે. લહાણી માટે મેમ્બરશીપ કાર્ડ લાવવું જરૂરી છે.

મહિલા વિભાગનો નવ્હેમ્બર મહિનામાં ૧૨મી નવ્હેમ્બરે સ્નેહસંમેલનનો કાર્યક્રમ તેજપાલ હોલ ખાતે રાખવામાં આવ્યો છે. જેના પાસ સંસ્થાની ઓફીસેથી ૨૫ મી ઑક્ટોબર એ સોમવારે ૩-૪ વાગ્યાની વચ્ચે આપવામાં આવશે. જેના રૂા. ૪૦/- રાખવામાં આવ્યા છે. એક વ્યક્તિ જો એક મેમ્બરશીપ કાર્ડ લાવે તો તેને ૨ ટિકિટ આપવામાં આવશે અને એક વ્યક્તિ ૪ કાર્ડ લાવી શકશે. મેમ્બરશીપ કાર્ડ ન લાવે તેને પાસ આપવામાં નહીં આવે જેની નોંધ લેવા વિનંતી.

**- સંયોજક નીલમ પરીખ -૯૮૬૯૭૫૪૯૧૬**

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ

મંડળની A.G.M. તા. ૨૦.૯.૧૦ને સોમવારે સાંજે ૭ વાગે હિન્દી વિદ્યા ભવન,
મરિનલાઈન્સ ખાતે આયોજીત કરવામાં આવેલ છે.
આ કાર્યક્રમમાં દાતાઓનું સન્માન સમારંભ પણ યોજવામાં આવેલ છે.
નીચે મુજબ દાતાઓનું બહુમાન કરવામાં આશે

**ચેતના રાકેશ ધારિયા,**
**સમીર મધુસુદન કડકીઆ**
ગિરીશ દિનકરલાલ પરિખ
સ્વ. શાન્તાબેન હિરાલાલ શાહ
નિતિન નટવરલાલ દેસાઈ
માનસી જીગર કડકિયા
સોહિણી યોગેશકુમાર કડકિયા
મધુકાન્તાબેન પ્રવિણચંદ્ર પરીખ (બખલી)
પ્રવિણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી)

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પો યોજવામાં આવેલ**

૧) **શ્રીમતી કલાવતીબેન અને કાંતિલાલ સાંકરલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ**
તા. ૭-૮-૧૦ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૪ દર્દીઓ નોંધાયેલા તે પૈકી ૨૨ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૧૯ દર્દીઓના એક્ષ-રે તથા ૨૦ દર્દીઓની સોનોગ્રાફી ફ્રી કરવામાં આવેલ અને જરૂરિયાતવાળા દર્દીઓને ઓપરેશનની તારીખો આપવામાં આવેલ છે. જેમાં ઓપરેશન ફ્રી કરવામાં આવશે.

૨) **આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૦-૧૦-૧૦ના રોજ યોજવામાં આવેલ છે.**

૩) **નામકરણ માટે દાતાશ્રીઓને ટહેલ**

૧. લેબોરેટરી વિભાગના ઈન્સ્ટુમેન્ટસના વાર્ષિક એ.એમ.સી. કોન્ટ્રાકટના નામકરણ માટે રૂા. ૧૧ લાખ ના દાતાને આવકારવામાં આવે છે.

૨. હોસ્પિટલમાં ફીજીયોથેરાપી વિભાગમાં બાળકોની ફીજીયોથેરાપી માટેના સાધનો વસાવવા માટે તેમજ તે વિભાગને અલગ નામકરણ માટેના દાતાશ્રીને આવકારવામાં આવે છે. આ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમની ટહેલ નાંખવામાં આવે છે.

૩. હોસ્પિટલમાં નવનિર્મિત સર્જીકલ માઈનોર ઓટી તેમજ ઓર્થોપેડીક માઈનોર ઓટીના નામકરણ માટે દાતાશ્રીઓને આવકારવામાં આવે છે. પ્રત્યેક ઓટી માટે રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમની ટહેલ નાંખવામાં આવે છે.

૪. પેથોલોજી વિભાગ માટે બ્લડ એનેલાઈઝર મશીન વસાવવા માટે ત્રણ લાખ કે તેથી વધુ રકમના દાતાશ્રીઓને આવકારવામાં આવે છે.

૫. હોસ્પિટલમાં ન્યુરો સર્જરી નિદાન કેમ્પ માટેના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમના દાતાશ્રીને આવકારવામાં આવે છે.

૬. હોસ્પિટલમાં શ્વાસના રોગોના નિદાન કેમ્પ માટેના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમના દાતાશ્રીને આવકારવામાં આવે છે.

૭. હોસ્પિટલમાં નવી એમ્બ્યુલન્સ વસાવવા માટે રૂા. ૫,૦૦,૦૦૦/- ના દાતાની ટહેલ નાંખીએ છીએ. ચાલુ વર્ષથી સરકારી ગ્રાન્ટમાંથી મળવાની બંધ થયેલ છે.

(૪) **કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ/આવેલ ઓપરેશન મિતિ.**

૧. શ્રીજી પ્રિન્ટ મીડીયા હ. રાજીવ ગાંધી મિતિ ૪ ફેબ્રુઆરી

૨. શર્મિષ્ઠાબેન વિનયકાંત મોદી

૩. શ્રીમતી વિણાબેન જ્યોતિષભાઈ શાહ (જનોડવાળા) મિતિ ૨૪ સપ્ટેમ્બર

૪. કોકીલાબેન રસીકલાલ કડકીઆ (ખીસાદાર) મિતિ ૩૦ ઓકટોબર

(૫) **કે.એમ.જી. હોસ્પિટલ તથા સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩.૯.૧૦ને ગુરુવારના રોજ સાંજ ૬.૩૦ કલાકેથી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલયમાં યોજાશે. સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી.**

**-મંત્રીઓ**

# સંસ્થા સમાચાર

## બેઠક ચોથી

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કાર્યવાહક સમિતિની ૪થી બેઠક તા. ૨૪-૭-૧૦ના રોજ શનિવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થા સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની ૩જી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

શ્રી શીરીષ પરીખ તથા શ્રી જશવંતલાલ પરીખના રાજીનામા આવ્યા હતા તે પસાર કરવામાં આવ્યા હતા. પ્રમુખશ્રીએ તેમની સેવા બીરદાવી હતી.

સંસ્થાની ખાલી પડેલ ટ્રસ્ટીની બેઠક માટે શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈનું નામ સુચવવામા આવ્યુ હતુ તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યુ હતુ.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધી એ વીવીધ પેટા સમિતિના વાર્ષિક બજેટની રજુઆત કરી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

આંતરીક રમત-ગમતના સંયોજક શ્રી અજીત મોદી એ જાહેર કર્યું હતું. કે આ વર્ષે બધી રમતો મુંબઈ તથા ઉપનગરમાં અલગ રમાડવામાં આવશે. તથા તેમના પુરસ્કાર પણ અલગ આપવામાં આવશે.

હીરક જયંતીના ચેરમેન શ્રી રજનીકાંત કાતીલાલ કડકીઆ, સોવીનયરના સંયોજક શ્રી રજનીકાંત કડકીઆ, પ્રોગ્રામ સમિતિના સંયોજક શ્રી રાજેન્દ્ર દેસાઈ તથા ભંડોળ સમિતિના સંયોજક શ્રી યોગેશ ધારીઆ એ

તેમની પેટા સમિતિના નામની જાહેરાત કરી હતી તે પસાર કરવામાં આવી હતી.

જ્યોતિપુંજના વધતા જતા ખર્ચા માટે પ્રમુખશ્રીએ શ્રી યોગેશભાઈ ધારીયાની નીમણુંક કરી હતી અને તેમને વીગતવાર અહેવાલ વહેલી તકે રજુ કરવાની તાકીદ કરી હતી.

૧ નવી આજીવન સભ્યની અરજી આવી હતી તથા ૫ લીવની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરાઈ હતી.

પ્રમુખશ્રી એ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

## બેઠક પાંચમી

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કાર્યવાહક સમિતિની ૫મી બેઠક તા. ૪-૮-૧૦ના રોજ બુધવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગ્રહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલપેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ સંસ્થાની ૪થી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

શ્રી શીરીષ પરીખની ખાલી પડેલ બેઠક માટે શ્રી રાજુ મંગલદાસ પરીખ (તલાટી)નું નામ સુચવવામાં આવ્યું હતું. અને તે સર્વાનુમતે પસાર કરાયુ હતુ.

સંસ્થાના સ્થાપના દિન એટલે ૧૮-૮-૧૯૫૦ હોવાથી, હીરક જયંતિના ચેરમેન શ્રી રજનીકાંત કડકીઆ (લટકારી)એ ૧૮-૮-૧૦ સ્થાપના દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. તે સર્વાનુમત્તે પસાર કરાયુ હતુ. તેમા સંઘના કારોબારી સભ્ય જુના કાર્યકર્તા તથા આમંત્રીતોનો નાનો મેળાવડો કરવાનું આયોજન કરવાનું નક્કી કર્યુ હતુ.

૮ નવી આજીવન સભ્યની અરજી અવી હતી તથા ૩ લીવની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરાઈ હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

## બેઠક છઠ્ઠી

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કાર્યવાહક સમિતિની ૬ ઠઠ્ઠી બેઠક તા. ૩૧-૮-૨૦૧૦ના રોજ બુધવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)નાં નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની ૫મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમત્તે પસાર કરાયો હતો. આંતરીક રમત-ગમતના સંયોજક શ્રી અજીત મોદીએ આ વર્ષે મુંબઈ તથા ઉપનગર ખાતે 'Treasure Hunt' રમતનું આયોજન કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી ભરત પરીખએ એમનો એહેવાલ રજુ કર્યો હતો તેમા કુલ ૨૦ કુટુંબ તથા ૬૩ સભ્યોએ યોજનાનો આજ દિવસ સુધી લાભ લીધો હતો.

ઉપનગર ખાતે સભાગૃહ ન મળતા આ વર્ષે રસોત્સવ તા. ૨૧-૧૧-૨૦૧૦ના રોજ રવિવારે બીરલા માતુશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ) ખાતે યોજવાનું નક્કી કરાયુ હતુ.

હીરક જયંતીના ચેરમેન ગેરહાજર રહેવાથી તેમનો અહેવાલ શ્રી યોગેશ ધારીઆ એ રજુ કર્યો હતો.

૩ લીવની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરાઈ હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી : શ્રી મંજુલ શૈલેશ ધારીઆ.**

# પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| પરીખ પુનમચંદ ભીખાલાલ (અધોળી) | ૮૧ |
| કડકીયા ગંસ્વ. શાંતાબેન કાંતિલાલ (ઘંગેલા) | ૮૫ |
| કડકીયા સાવિત્રીબેન જયંતીલાલ (મરઘા) | ૭૪ |
| મહેતા વિનોદચંદ્ર ભીખાલાલ | ૭૮ |
| રણજિત ઓચ્છવલાલ પરીખ | ૬૮ |
| અમીષા નીતીન દેસાઈ | ૪૩ |
| અનિતા પ્રવીણચંદ્ર પરીખ (તાતીયા) | ૪૬ |
| પ્રવીણચંદ્ર ચીમનલાલ ગાંધી | ૭૬ |
| પ્રવીણચંદ્ર પુરુષોતમદાસ પરીખ (રોકડીયા) | ૭૪ |
| નટવરલાલ મોજીલાલ ધારીઆ. | ૮૬ |

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ**

**પ્રિય વૈષ્ણવો** **વ્યાખ્યાનમાળા**

સહર્ષ જાણ કરવાની કે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત એક વ્યાખ્યાનમાળા (પ્રવચન) રવિવાર તા. ૧૦.૧૦.૨૦૧૦ના દિવસે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ના શુભ દિવસે રાખવામાં આવી છે.

**સ્થળ :** શ્રી પ્રેમપુરી અધ્યાત્મભુવન હ્યુજીસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭, **વિષય :** યુવાપેઢી અને પુષ્ટિમાર્ગ

**અમૃતવાણી :** મા.ડૉ. નરેશભાઈ વેદ (વલ્લભ વિદ્યાનગરવાળા) કથા રસનું પાન કરાવશે.

**મનોરથ :** આ શુભ અવસરના મનોરથી બનવાનું સદ્‌ભાગ્ય પ.ભ.કેતન રસીકલાલ પરીખ (લાકડાવાળા) તથા શ્રીમતી શ્રુતિ કેતન પરીખ ને પ્રાપ્ત થયું છે. ઠે. ૭૦૪ શિરિન તારદેવ, મુંબઈ

આ ધન્ય અવસરે આપ સહુ ધર્મઅનુરાગી ભાઈ બહેનોને પધારવા અને સદ્વિચારોનું ભાથું ભરવા આપ સર્વેને સમયસર આવવા અમારૂ ભાવભર્યું આમંત્રણ છે.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**બીપીનભાઈ કીરતનલાલ દોશી મંત્રી**
**કેતન રસીકલાલ પરીખ (લાકડાવાળા)**

## તેજસ્વી તારલા

૧. નીરીક્ષા અસીત પરીખ
કોમર્સ H.S.C. 85 % Commerce
માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

૨. જીનીશ અશીત પરીખ
4th Year B.D.S. માં 61% આવેલ છે.

૩. સેહલ અનીષ નટવરલાલ શાહ (ઝાટ)
CBSE xth Std 95.6% આવેલ છે.

૪. કનીશા કેતન દેસાઈ ICSE માં 93%
માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

૫. ધવલ નિશીથ દોશી H.S.C. માં 94%
માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

૬. શાહ પુજા રાજેશ (ખડગોધરાવાલા)
Final B.D.S. માં ૬૩%
થી પાસ થયા છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## બાલાસિનોર નવયુવક સંઘ ઈન્ડોર ગેમ

જત જણાવવાનું કે બેડમીંટન અને ટેબલ ટેનીસ સ્પર્ધા તા. ૩-૧૦-૧૦ના રોજ રવિવાર, મફતલાલ બાથ ખાતે યોજવામાં આવશે. ભાગ લેનાર ખેલાડીઓને સંસ્થાના સંયોજક શ્રી અજીત નટવરલાલ મોદીને સંપર્ક કરવા વિંનતી.

મંત્રી મંજુલ ધારીઆ
સંયોજક અજીત નટવરલાલ મોદી
૯૮૬૯૦૨૯૪૮૬ / ૨૮૬૯૧૧૮૫

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સ્થાપના દિનની ઉજવણીની તસવીરો



ઉ
પ
સ્થી
ત
મ
હા
નુ
ભા
વો



કેક કાપતા સંસ્થાના પાયાના કાર્યકર્તા ભાઈઓ
શ્રી ગોપાલભાઈ એમ. શાહ અને શ્રી મોહનભાઈ પરીખ તથા સંસ્થાના હોદેદારો